# રાહુલ ગાંધી બાબતે ઠંડા પગલે આગળ વધતી કોંગ્રેસ

**- અરુણ જેટલી**

**વિરોધ પક્ષના નેતા ( રાજ્ય સભા )**

કોંગ્રેસ પક્ષે વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર નહિ કરવાનો નિર્ણય લીધો છે. તેના બદલે એવું જાહેર કર્યું છે કે તેમનું ચૂંટણી પ્રચાર અભિયાન શ્રી રાહુલ ગાંધીની આગેવાની હેઠળ કરવામાં આવશે. કોંગ્રેસ પક્ષ પર એક રાજવંશનું વર્ચસ્વ કે નિયંત્રણ સતત ઘટી રહ્યું છે તે હવે જોઇ શકાય છે. છેલ્લા 25 વર્ષોમાં ગાંધી પરિવારના એકપણ સભ્ય આ દેશના વડાપ્રધાન બન્યા નથી. ભારત દેશ ખરેખર બદલાઈ રહ્યો છે. ગાંધી પરિવાર એક પક્ષ પર નિયંત્રણ કરી શકે, પણ સમગ્ર રાષ્ટ્રને નિયંત્રિત કરી ન શકે. વર્ષ 2004 માં પરાજયનો ગભરાટ હોવાથી રાજવંશના સભ્યોને દૂર રાખવામાં આવ્યા હતા. તેવું જ કારણ વર્ષ 2014 માં વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધી જાહેર કરવાની કોંગ્રેસની અનિચ્છા માટે જવાબદાર છે.

કોંગ્રેસનો આ મૂળ હેતુ ન હતો. ડિસેમ્બર-2013માં શ્રીમતી સોનિયા ગાંધીએ વડાપ્રધાન પદના ઉમેદવાર યોગ્ય સમયે જાહેર કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી. તાજેતરમાં એક પત્રકાર પરિષદમાં વડાપ્રધાન ડો મનમોહન સિંહે વડાપ્રધાન તરીકે શ્રી રાહુલ ગાંધીને લાવવાના સંકેતો આપ્યા હતા. તો પછી તેમના નામની સત્તાવાર જાહેરાત કરવામાં કોંગ્રેસ કેમ ડરે છે? કોંગ્રેસે પ્રતિકૂળતા સામે લડવાનો દૃઢ નિર્ધાર ગુમાવી દીધો છે. આ બાબત દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પણ દૃશ્યમાન હતી. શ્રી રાહુલ ગાંધી અને કોઈ રાષ્ટ્રીય નેતાએ દિલ્હીમાં ચૂંટણી પ્રચારમાં હાજરી આપી નહિ. આ ગભરાટ હવે વધુ સ્પષ્ટ દેખાય છે. શા

માટે પ્રતિકૂળ રાજકીય વાતાવરણમાં પ્રચાર કરવો એવો અભિગમ હતો. પ્રતિકૂળતા સામે લડવા માટે કોંગ્રેસ મક્કમ નથી. ખાસ કરીને જ્યારે નરેન્દ્ર મોદી સાથે સરખામણી થાય ત્યારે બે વ્યક્તિગત રેટિંગ્સ મોટા તફાવત સૂચવે છે. તે કોંગ્રેસ માટે વાસ્તવિકતા છે. તો શા માટે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે શ્રી રાહુલ ગાંધીના નામની જાહેરાત કરવામાં આવતી નથી!

વડાપ્રધાને હિંમતપૂર્વક શબ્દો ઉચ્ચાર્યા છે. તેમણે વર્ષ 2014 માં વિજય રાહુલ ગાંધીનો થશે એવું જાહેર કર્યું છે. પરાજય માટે દોષનો ટોપલો પણ તેમના પર ઢોળી દેવામાં આવશે. મને શંકા છે કે કોંગ્રેસ પક્ષ એવું માને છે કે ગાંધી પરિવારથી કદી ભૂલ થાય નહિ કે નિષ્ફળ જાય નહિ. સલાહકારો તેમને ખોટી રીતે સલાહ આપે છે. કોંગ્રેસમાં ગાંધી પરિવારની પણ કોઈ જવાબદારી છે. છેવટે તેઓ પક્ષના ભાગરૂપ છે.